॥ શ્રી મહાવીરાય નમઃ॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૩ જુલાઈ ૨૦૨૫** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**શ્રેણી – ૧૩**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૧૦)

**પ્ર.૧ સામાયિક–પ્રતિક્રમણના આધારે નીચેના પ્રશ્નોના એક શબ્દમાં જવાબ લખો.**

૧. આત્માના ઉદ્વેગરૂપ પરિણામને શું કહે છે? **ભય**

૨. સિદ્ધ થનાર મનુષ્યની ઉત્કૃષ્ટ અવગાહના કેટલી? **૫૦૦ ધનુષ**

૩. સ્ખલના, ભૂલ થઈ જવી એટલે? **ખળાએ**

૪. વસ્તુ પ્રત્યે મમત્વ રાખવું તે શું છે? **પરિગ્રહ**

૫. બાધક તત્ત્વ કોને અશુદ્ધ બનાવે છે? **સમ્યક્દર્શન**

૬. કોઇને તિરસ્કારપૂર્વક કાઢીએ તો કયો દોષ લાગે છે? **અભિહયા**

૭. તીર્થ એટલે શું? **કિનારો**

૮. જે એકવાર ભોગવાય તે શું? **ઉવભોગ**

૯. શ્રાવક માટે આગમમાં કયા શબ્દનો ઉલેખ મળે છે? **શ્રમણ**

૧૦. ચારિત્રના અતિચાર કેટલા છે? **૭૫**

(૭૫)

**પ્ર.૨ (અ) દશવૈકાલિક સૂત્રના આધારે લખો.** **(૨૫)**

**(૧) નીચેની ગાથા પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. વત્થ **ગંધમલંકારં, ઇત્થીઓ સયણાણિ ય । અચ્છંદા જે ણ ભુંજંતિ, ણ સે ચાઈત્તિ** વુચ્ચઇ ॥

**અર્થ : જે પરવશપણે (રોગ આદિ કારણે) તેમ જ નહિ મળવાથી સુંદર વસ્ત્રો, સુગંધી પદાર્થો, ઘરેણાં આદિ**

આભૂષણો, સુંદર સ્ત્રીઓ અને પલંગ વગેરે આસનો ભોગવતો નથી, તેને વાસ્તવમાં ત્યાગી ન કહેવાય.

૨. જહા **દુમસ્સ પુપ્ફેસુ, ભમરો આવિયઇ રસં । ણ ય પુપ્ફં કિલામેઇ, સો ય પીણેઇ** અપ્પયં ॥

**અર્થ : જેમ ભમરો વૃક્ષનાં ફૂલોને પીડા પહોંચાડ્યા વિના તેમાંથી મર્યાદાપૂર્વક રસ પીને પોતાના આત્માને તૃપ્ત કરી લે છે.**

૩. અટ્ઠાવએ **ય નાલીએ, છત્તસ્સ ય ધારણટ્ઠાએ । તેગિચ્છં પાહણાપાએ, સમારંભં ચ** જોઇણો ॥

**અર્થ : ૧૮) અટ્ઠાવએથ નાલીએ – જુગાર રમવો, પાસાંનો જુગાર રમવો. ૧૯) છત્તસ્સ ય ધારણટ્ઠાએ – છત્રને ધારણ કરવું. ૨૦) તેગિચ્છં – દવા ચિકિત્સા આદિ કરાવવા. ૨૧) પાહણાપાએ – પગરખાં આદિ પગમાં ધારણ કરવા. (૨૨) સમારંભં ચ જોઇણો – અગ્નિનો આરંભ કરવો.**

૪. દુક્કરાઇં **કરિત્તાણં, દુસ્સહાઇં સહિત્તુ ય । કે ઇત્થદેવલોએસુ, કેઇ સિજ્ઝંતિ** ણીરયા ॥

**અર્થ : આમ આ દુષ્કર ક્રિયા કરીને, દુ:સહ્ય કષ્ટો સહન કરીને કેટલાક મહાત્માઓ દેવલોકમાં ઊપજે છે તો કેટલાક સાધુઓ સર્વકર્મ ક્ષય કરી સિદ્ધ થાય છે.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો. (૬)**

૧. ૪૦ થી ૪૩ અનાચારના અર્થ લખો. **૪૦) સિંધવે લોણે – સિંધાલૂણ. ૪૧) રોમાલોણે આમએ – સચેત રોમક ખાર (રોમક દેશનું મીઠું). ૪૨) સામુદ્દે – સમુદ્રનું મીઠું. ૪૩) પંસુખારે – ખારો.**

૨. રાજેમતી રથનેમિને ધિક્કાર આપતા શું કહે છે? **હે અપજશના કામી ! (રહનેમિ), તને ધિક્કાર હો ! અસંયમી જીવન જીવવા માટે, (ભગવાન નેમિનાથે) વમેલી–તજેલી મને તું ભોગવવા ઇચ્છે છે! એના કરતાં તો તારું મોત થઈ જાય તે જ તારા માટે શ્રેયકારી છે.**

૩. રાજેમતી અને રથનેમિ કયા કુળના હતા? તેમના પિતા કોણ હતા? ગંધન સર્પ કોને કહેવાય?

**રાજેમતી ભોજરાજાના કુળના ઉગ્રસેન રાજાની પુત્રી છું અને તું અંધકવિષ્ણુના કુળના સમુદ્રવિજય રાજાનો પુત્ર હતા. વમન કરેલા વિષને પીને કુળને કલંક લગાડનારા હોય છે.**

**(૩) નીચેના શબ્દોનું માગધી લખો. (૪)**

૧. આહારપાણી **ભત્ત** ૨. અસંયમી જીવન જીવવા માટે **જીવિયકારણા**

૩. સંયમમાં **સંજમમ્મિ** ૪. સારી રીતે બોધ પામેલા **સંબુદ્ધા**

**(૪) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

૧. ભોઇત્તં **મિશ્ર આહાર પાણીનું સેવન કરવું** ૨. સમા **જેવા**

૩. તેણ **તે વૃત્તિના કારણે** ૪. સંજમં **સંયમમાં**

૫. કમાહિ **ઉલ્લંઘી જા, કાબૂમાં રાખો** ૬. સંજમેણ **સંયમ વડે**

**(આ) નિયંઠાના આધારે લખો. (૨૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. પુલાકની ઘણા જીવ અપેક્ષા જઘન્ય સ્થિતિ કેટલી હોય? શા માટે?

**જઘન્ય ૧ સમય. પૂર્વે એક જીવે પુલાક લબ્ધિ ફોરવી છે તેનો છેલ્લો સમય હોય ત્યારે તે જ સમયે કોઇ બીજો જીવ પુલાક લબ્ધિ ફોરવે તો તે એક સમય માટે બે જીવ થાય માટે ઘણા જીવ અપેક્ષા એક સમય.**

૨. પડિસેવણામાં સંયમ પર્યવ કેટલા? સંયમ પર્યવ એટલે શું? પર્યવ એટલે શું?

**અનંતા અનંતા. બાહ્ય ચારિત્ર અને અંતરંગ આત્મવિશુદ્ધિના અંશને સંયમ પર્યવ કહે છે. ચારિત્રની વિશુદ્ધિના પ્રભાવે જે ગુણ પ્રગટ થાય તે ગુણનો સૌથી સૂક્ષ્મ અંશ જેને કેવળી ભગવાન પણ વિભાજિત ન કરી શકે તે અંશને પર્યવ કહે છે.**

૩. નિર્ગ્રંથનું સંહરણ થાય કે ન થાય? જો થાય તો કેવી રીતે? ન થાય તો શા માટે? તે કયા કાળમાં હોય?

**ના, ન થાય. નિર્ગ્રંથ થયા પહેલા સંહરણ થાય પછી તે નિર્ગ્રંથ થાય. અવસર્પિણીકાળમાં ૩–૪ આરે જન્મે અને ૩–૪–૫ આરે પ્રવર્તે. ઉત્સર્પિણીકાળમાં ૨–૩–૪ આરે જન્મે અને ૩–૪ આરે પ્રવર્તે. મહાવિદેહમાં હંમેશાં હોય.**

૪. સ્નાતકના ભેદમાં ૧૩ મા ગુણસ્થાને કેટલા અને કયા ભેદ હોય?

**૩, અસબલે–૨૧ સબલા દોષ રહિત, અતિચારરૂપ મેલ જરાપણ ન હોય. અકમ્મે – ઘાતી કર્મથી રહિત. સંશુદ્ધ – વિશુદ્ધ કેવળજ્ઞાન, કેવળદર્શનના ધારક કેવળી, અરિહંત વિ.**

૫. અસ્થિત કલ્પ એટલે શું? તે કયા છે? અસ્થિત કલ્પ કયા નિયંઠામાં હોય?

**જે કલ્પનું પાલન ફરજિયાત કરવાનું હોતું નથી. અચેલ, ઉદ્દેશિક, રાજપિંડ, માસકલ્પ, ચૌમાસી કલ્પ અને પ્રતિક્રમણ. પુલાક, બકુશ, પડિસેવણા, કષાયકુશીલ, નિર્ગ્રંથ, સ્નાતક.**

**(૨) નીચેના પ્રશ્નોના બે શબ્દમાં જવાબ લખો. (૧૦)**

૧. નિર્ગ્રંથમાં કયા ભાવ હોય? **ઉપશમ, ક્ષાયિક**

૨. સાદિ અનંત કયા નિયંઠામાં છે? **ક્ષીણ નિર્ગ્રંથ, સ્નાતક**

૩. કષાયકુશીલ કેટલા ભવ કરે? **જઘ. ૧ ઉત્. ૮**

૪. પડિસેવણા સંહરણ અપેક્ષા ક્યાં હોય? **કર્મભૂમિ, અકર્મભૂમિ**

૫. અતીર્થમાં કોણ હોય? **તીર્થંકર, પ્રત્યેકબુદ્ધ**

૬. પુલાક લબ્ધિ કોને નથી? **સ્ત્રી, જન્મ નપુંસક**

૭. એક ભવ આશ્રી બકુશપણું જઘન્ય અને ઉત્કૃષ્ટ કેટલીવાર આવે? **એક, પ્રત્યેક સો**

૮. સ્નાતકનો બંધ દ્વાર લખો. **શાતા વેદનીય, અબંધક**

૯. ચાર શરીર કયા નિયંઠામાં હોય? **બકુશ, પડિસેવણા**

૧૦. કયા તીર્થંકરના શાસનમાં સ્થિત કલ્પ જ હોય? **પહેલા, છેલ્લા**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૫)**

૧. નિર્ગ્રંથમાં સમુઘાત કેટલી? કઈ? **એકપણ નહિ.**

૨. બકુશને શ્રુતજ્ઞાન આશ્રી કેટલું જ્ઞાન હોય? **જઘન્ય અષ્ટ પ્રવચન માતા ઉત્કૃષ્ટ ૧૦ પૂર્વ.**

૩. બકુશ અને પડિસેવણાના સંયમ પર્યવમાં કોણ વધારે અને કોણ ઓછા? કેટલા?

**બંને એકબીજા સાથે છટ્ઠાણવડિયા.**

૪. સ્નાતક કપાટ અવસ્થામાં હોય ત્યારે લોકનો કેટલો ભાગ વ્યાપ્ત કરે?

**લોકનો અસંખ્યાતમો ભાગ.**

૫. સ્પર્શના દ્વાર લખો. **અવગાઢ ક્ષેત્ર કરતાં સ્પર્શના કંઈક અધિક જાણવી.**

**(ઈ) સંજયાના આધારે લખો. (૨૫)**

**(૧) ખાલી જગ્યા પૂરો. (૧૦)**

૧. ઘણા જીવ અપેક્ષા ...... અને ...... શાશ્વતા હોય છે. **સામાયિક, યથાખ્યાત**

૨. પરિહાર વિશુદ્ધ ...... અને ...... તીર્થંકરના શાસનમાં હોય છે. **પહેલા, છેલ્લા**

૩. યથાખ્યાત ચારિત્રમાં ...... અને ...... નિયંઠા હોય. **નિર્ગ્રંથ, સ્નાતક**

૪. ...... અને ...... અહમેન્દ્ર પદ પામે. **સૂક્ષ્મ સંપરાય, ઉપશાંત યથાખ્યાત**

૫. સૂક્ષ્મ સંપરાય ......, ......, ...... કે ...... માં જાય. **સામાયિક, છેદોપસ્થાપનીય, યથાખ્યાત, અસંયમ**

૬. સામાયિકમાં ......, ...... અને ...... પરિણામ હોય. **હિયમાન, વર્ધમાન, અવસ્થિત**

૭. ક્ષપક શ્રેણીમાં ...... અને ઉપશમ શ્રેણીમાં ...... જીવ હોય. **૧૦૮, ૫૪**

૮. પરિહાર વિશુદ્ધમાં ......, ...... કે ...... લેશ્યા હોય. **તેજો, પદ્મ, શુક્લ**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૧૦)**

૧. છેદોપસ્થાપનીય ૯૬૦ વાર કેવી રીતે આવે? **સમગ્ર સંસારકાળમાં સાધુપણું ૮ વાર આવતું હોવાથી**

**૧૨૦×૮=૯૬૦ વાર આવે.**

૨. સૂક્ષ્મ સંપરાય વધારે કે યથાખ્યાત વધારે? કેટલા? **યથાખ્યાત. સંખ્યાતગુણ.**

૩. કયા સંયતિ ક્ષયોપશમ ભાવમાં હોય?

**સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધ, સૂક્ષ્મ સંપરાય.**

૪. ઘણા જીવ અપેક્ષાએ છેદોપસ્થાપનીયની સ્થિતિ લખો.

**જઘન્ય ૨૫૦ વર્ષ ઉત્કૃષ્ટ ૫૦ લાખ ક્રોડ વર્ષ સાગર.**

૫. યોગ દ્વાર લખો. **પ્રથમ ચાર સંયતિ સયોગી, યથાખ્યાત સયોગી અને અયોગી બંને.**

૬. કયા ચારિત્ર સંયમમાં દોષ લગાડે? **સામાયિક, છેદોપસ્થાપનીય.**

૭. શ્રુત વ્યતિરિક્ત કયા ચારિત્ર છે? **યથાખ્યાત ચારિત્ર.**

૮. માત્ર સંજવલનના ૪ ભેદ હોય તે ચારિત્રના નામ લખો. **પરિહાર વિશુદ્ધ ચારિત્ર.**

૯. પદવી કઈ છે? આરાધક કેટલી પદવી પામે? **ઈન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશક, લોકપાલ, અહમેન્દ્ર. આરાધક પાંચમાંથી એક પદવી પામે.**

૧૦. પરિહાર વિશુદ્ધ ચારિત્ર ક્યારે ન હોય? **અવસર્પિણીકાળના ૧ લા, ૨ જા, ૫ મા, ૬ ટ્ઠા આરામાં, ઉત્સર્પિણીકાળના ૧ લા, ૨ જા આરામાં,૫ મા, ૬ ટ્ઠા આરામાં.**

**(૩) યોગ્ય વિકલ્પ પર ટીક કરો.** **(૫)**

૧. વીતરાગી કયા સંજયા હોય? (સામાયિક, છેદોપસ્થાપનીય, **યથાખ્યાત,** પરિહાર વિશુદ્ધ)

૨. ૨૫૦ વર્ષ કયા તીર્થંકરનું તીર્થ રહે છે? (**ઉત્સ. ના પહેલા,** અવસ.ના છેલ્લા, અવસ.ના પહેલા, ઉત્સ. ના છેલ્લા)

૩. યથાખ્યાત ચારિત્ર કેટલા કર્મ વેદે? (૭, ૬, ૫, ૮)

૪. પરિહાર વિશુદ્ધ ચારિત્ર ઘણા ભવ આશ્રી કેટલી વાર આવે? (૯ વાર, **૭ વાર,** ૫ વાર, ૪ વાર)

૫. કયા ચારિત્રમાં સાકાર ઉપયોગ જ હોય? (સામાયિક, છેદોપસ્થાપનીય, **સૂક્ષ્મ સંપરાય,** યથાખ્યાત)

**(૧૫)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ માંગ્યા પ્રમાણે લખો.**

**૧. કોણ બોલે છે અને કોને કહે છે?** ૧) હું તમને ભિક્ષા નહિ આપું. **વિજયઘોષ જયઘોષ મુનિને કહે છે.** **(૩)**

૨) વેદોનું મુખ શું છે? **વિજયઘોષ જયઘોષ મુનિને કહે છે.**

૩) કર્મોથી લેપાતા નથી. **જયઘોષ મુનિ વિજયઘોષને કહે છે.**

૨. જયઘોષ અને વિજયઘોષ વચ્ચે શું સંબંધ હતો ? **બંને સગા ભાઈઓ હતા.** **(૧×૧૨)**

૩. કયા સંયોગોને છોડીને શેમાં આસક્ત થવાનું નથી? **પૂર્વસંયોગો, કામભોગ.**

૪. શું કરવાથી બ્રાહ્મણ થવાતું નથી? **માત્ર ૐ કારનો ધ્વનિ કરવાથી બ્રાહ્મણ થવાતું નથી.**

૫. જયઘોષ મુનિએ શેનાથી મુક્ત કરાવવા વચનો કહ્યા? **મિથ્યા જ્ઞાન, મિથ્યા દર્શન.**

૬. ચંદ્ર કેવો છે? તેને કોણ વંદન કરે છે? **ઉત્તમ અને મનોહર, ગ્રહ અને નક્ષત્ર.**

૭. શેના પારગામી કીધા? **સંયમ અને તપના.**

૮. કોણ કોની જેમ કર્મથી લેપાતા નથી? **વિરક્ત સાધક સૂકા ગોળાની જેમ કર્મથી લેપાતા નથી.**

૯. યજ્ઞમાં શેની આહુતિ દેવાય છે? તે યજ્ઞ કેવો કહેવાય? (બે શબ્દમાં લખો.) **કર્મ, યથાર્થ ભાવયજ્ઞ.**

૧૦. સંસારમાં શેના વમળો ઉઠે છે? **જન્મ-મરણ અને સાત ભયના.**

૧૧. ...... અને ...... હિંસાકારી હોય છે. **વેદ, યજ્ઞ.**

૧૨. જયઘોષ કઈ તપશ્ચર્યા કરી રહ્યા હતા? તેઓ પારણાના દિવસે ક્યાં પધાર્યા?

**માસક્ષમણ, વિજયઘોષની યજ્ઞશાળામાં.**

૧૩. ...... ભોગવવાથી ...... નો બંધ થાય છે. **ભોગો, કર્મ.**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. બુદ્ધ્યા **વિનાઽપિ વિબુધાર્ચિત પાદપીઠ ! સ્તોતું સમુદ્યત મતિર્વિગતત્રપોઽહમ્ ।**

**બાલં વિહાય જલ-સંસ્થિત મિન્દુબિમ્બ, મન્ય: ક ઇચ્છતિ જન: સ** ગ્રહીતુમ્ ॥

**અર્થ : દેવોએ જેમનું પાદપીઠ પૂજ્યું છે એવા હે જિનેશ્વર દેવ! પાણીમાં પડેલું ચંદ્રનું પ્રતિબિંબ વગર વિચાર્યે પકડવાની ઇચ્છા બાળક સિવાય બીજો કોણ કરે ? (અર્થાત્ કોઈ ન કરે). તેવી જ રીતે તમારી સ્તુતિ કરવા યોગ્ય મારી બુદ્ધિ નથી, છતાં પણ હું લજ્જારહિત થઈને, તમારી સ્તુતિ કરવા તૈયાર થયો છું.**

૨. નાત્યદ્ **ભૂતં ભુવન ભૂષણ ! ભૂતનાથ ! ભુતૈર્ગુણૈર્ભુવિ ભવન્તમભિષ્ટુવન્તઃ ।**

**તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિંવા ! ભૂત્યાશ્રિતં ય ઇહ નાત્મસમં** કરોતિ ॥

**અર્થ : હે જગતના આભૂષણ! હે પ્રાણી માત્રના નાથ! આપના વિદ્યમાન ગુણોથી આપની રૂડા ભાવથી સ્તુતિ કરનાર જગતમાં આપના સમાન જ બની જાય છે તેમાં કોઈ આશ્ચર્ય નથી અથવા આ જગતમાં જે આશ્રિતને પોતાની સમાન નથી બનાવતા, તેવા સ્વામીની સેવાથી ખરેખર શું લાભ ? અર્થાત્ જે નિષ્ઠાપૂર્વક સેવા કરે છે તેને સ્વામી પોતાના સમાન અવશ્ય કરે છે.**

૩. મત્વેતિ **નાથ ! તવ સંસ્તવનં મયેદ, મારભ્યતે તનુધિયાઽપિ તવ પ્રભાવાત્ ।**

**ચેતો હરિષ્યતિ સતાં નલિની દલેષુ, મુક્તાફલ દ્યુતિમુપૈતિ નનૂદ** બિન્દુઃ ॥

**અર્થ : હે નાથ! એમ માનીને હું અલ્પબુદ્ધિ હોવા છતાં પણ તમારું રૂડું, સ્તવન રચવાનો પ્રારંભ કરું છું. જેવી રીતે કમળપત્ર ઉપર પડેલું જળનું બિંદુ મોતીના જેવી શોભા ધારણ કરે છે, તેવી રીતે જ આ સ્તોત્ર આપના પ્રભાવથી સતપુરુષોના ચિત્તનું હરણ કરશે અર્થાત્ પ્રસન્ન કરશે.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક અથવા બે શબ્દમાં લખો.** **(૩)**

૧. પ્રભા એટલે શું? **ઉષાની કાંતિ** ૨. દેવોના ગુરુ કોણ છે? **બૃહસ્પતિ**

૩. ક્ષીર સમુદ્રનું દૂધ કેવું છે? **ઉજ્જવળ, મધુર**